પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૫ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨, રવિવાર; ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

પ્રધાનમંત્રી મોદી ૧ લીએ 5G સેવા લોન્ચ કરશે

મોદી ભારતમાં એશિયાના સૌથી વિશાળ ટેક્નોલોજી પ્રદર્શન ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં 5G સેવા શરૂ કરશે : ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૪ ઓક્ટોબર સુધી ચાલશે

નવી દિલ્હી, તા.૨૪

દેશમાં ઘણાં લાંબા સમયથી પજી નેટવર્કની રાહ જોવાઈ રહી હતી. જોકે હવે આખરે તેનો અંત આવ્યો છે અને આગામી ૧ ઓક્ટોબરથી દેશમાં પજી સેવા શરૂ થઈ જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ'માં પજી સેવાઓ લોન્ચ કરશે. પ્રગતિ મેદાન ખાતે યોજાનારી 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ' ૪ ઓક્ટોબર સુધી ચાલવાની છે.

એશિયાના સૌથી વિશાળ ટેલિકોમ, મીડિયા અને ટેક્નોલોજી ફોરમ હોવાનો દાવો કરતા ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસનું (આઇએમસી) આયોજન સંયુક્તરૂપે દૂરસંચાર વિભાગ (ડીઓટી) અને સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (સીઓએઆઈ) દ્વારા કરવામાં આવે છે.

સરકારના નેશનલ બ્રોડબેન્ડ મિશને આજે ટ્વિટરના માધ્યમથી આ જાણકારી આપી હતી. તેના કહેવા પ્રમાણે ભારતના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને કનેક્ટિવિટીને નવી ઉંચાઈઓ પર લઈ જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતમાં એશિયાના સૌથી વિશાળ ટેક્નોલોજી પ્રદર્શની ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં પજી સેવાઓની શરૂઆત કરશે.

જાણકારોના મતે પજી ટેક્નોલોજી આવવાથી ભારતને ખૂબ જ ફાયદો થશે. મોબાઈલ નેટવર્ક ઓપરેટર્સનું પ્રતિનિધિત્વ કરનારી વૈશ્વિક ઔદ્યોગિક સંસ્થાના મતે વર્ષ ૨૦૨૩થી ૨૦૪૦ દરમિયાન ભારતીય અર્થતંત્રને તેના કારણે ૩૬.૪ ટ્રિલિયન રૂપિયા (૪૫૫ અબજ ડોલર)નો ફાયદો થવાની શક્યતા છે.

પજી સેવામાં વધુ સ્પીડ મળવાના કારણે લોકોનો સમય બચશે અને અનેક આધુનિક એપ્લિકેશનનો ઉપયોગ પણ સરળ બનશે. તેના કારણે ટ્રાન્ઝેક્શન ઉપરાંત ફાઈલ ડાઉનલોડ કરવામાં કે અપલોડ કરવામાં પણ ઝડપનો લાભ મળશે.

પાંચમી પેઢી એટલે કે, પજી દૂરસંચાર સેવાઓ દ્વારા અમુક જ સેકન્ડમાં મોબાઈલ અને અન્ય

● અનુસંધાન પાન-૭ પર

PFIએ રચ્યું હતું પીએમ મોદી પર હુમલાનું ષડયંત્ર : EDનો દાવો

નિશાન પર હતી જુલાઈ ૨૦૨૨ની પટના રેલી : આ વર્ષે ૧૨ જુલાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પટના યાત્રા દરમિયાન, સંગઠને તેમની પર હુમલો કરવા માટે એક શિબિરનું પણ આયોજન કર્યું હતું

નવી દિલ્હી,તા.૨૪

એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે દાવો કર્યો છે કે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાએ પટનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રેલીને ટાર્ગેટ કરવાની યોજના બનાવી હતી. આ સિવાય યુપીમાં સંવેદનશીલ જગ્યાઓ અને વ્યક્તિઓ પર હુમલો શરૂ કરવા માટે આતંકવાદી મોડ્યુલ, ઘાતક હથિયારો અને વિસ્ફોટકોના સંગ્રહ કરવામાં આ વિવાદિત સંગઠન સામેલ હતું. રિપોર્ટ મુજબ ઈડીએ ગુરુવારે કેરળથી ધરપકડ કરવામાં આવેલા પીએફઆઈ મેમ્બર શફીક પાયેથની વિરુદ્ધ પોતાની રિમાન્ડ નોટમાં દાવો કરતા કહ્યું છે કે આ વર્ષે ૧૨ જુલાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પટના યાત્રા દરમિયાન, સંગઠને તેમની પર હુમલો કરવા માટે એક શિબિરનું પણ આયોજન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર ૨૦૧૩માં પટનાના ગાંધી મેદાનમાં પીએમ મોદીની રેલમાં સંખ્યાબંધ વિસ્ફોટ થયા હતા. ઈન્ડિય મુજાહિદીન સાથે સંકળાયેલા આતંકવાદીઓએ આ બ્લાસ્ટ કર્યા હતા. જે ભારતમાં પ્રતિબંધિત સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મુવેમેન્ટના સભ્ય રહી ચુક્યા હતા. ઉલ્લેખનીય છે કે સીમી પણ પીએફઆઈ જેવું જ એક સંગઠન હતું. ઈડીએ છેલ્લા થોડા વર્ષોમાં આ સંગઠન ઠારા એકત્રિત કરવામાં આવેલા ૧૨૦ કરોડ રૂપિયાનું વિવરણ મળ્યું છે. જે મોટાભાગે કેશમાં જ મેળવવામાં આવ્યા હતા. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ આ ફન્ડનો ઉપયોગ સમગ્ર દેશમાં તોફાનો અને આતંકવાદી ગતિવિધિઓ માટે કરવામાં આવી રહ્યો હતો. ઈડીએ ૨૨ સપ્ટેમ્બરે પીએફઆઈની વિરુદ્ધ

સમગ્ર દેશમાં રેડ પછી તેના ૪ સભ્યોની ધરપકડ કરી હતી. રાષ્ટ્રીય તપાસ એજન્સી સહિત ઘણી એજન્સીઓએ આ સંગઠન સાથે જોડાયેલા ૧૦૦થી વધુ કાર્યકર્તાઓની ધરપકડ કરી છે. ઈડીએ સંગઠનના ત્રણ અન્ય પદાધિકારીઓની દિલ્હીમાંથી ધરપકડ કરી છે. તેમના નામ- પરવેઝ અહમદ, મોહમ્મદ ઈલિયાસ અને અબ્દુલ મુકીત. ૨૦૧૮થી પીએફઆઈની વિરુદ્ધ મની લોન્ડ્રિંગ તપાસ શરૂ થયા પછી તપાસ એજન્સીઓએ આ બધાની ઘણી વખત પુછપરછ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

'ઓપરેશન મેઘદૂત' : સીબીઆઈના દરોડા

બાળકોના ઓનલાઈન શોષણ મામલે દેશમાં પ૬થી વધુ સ્થળે સીબીઆઈએ દરોડા પાડ્યા : સિંગાપોર-ન્યૂઝીલેન્ડના ઈન્ટરપોલ એકમ દ્વારા જે ઈનપુટ્સ શેર કરવામાં આવેલા તેના આધાર પર કોડ નેમ ઓપરેશન મેઘદૂત અતંર્ગત આ કાર્યવાહી

નવી દિલ્હી, તા.૨૪

બાળકોના ઓનલાઈન યૌન શોષણ મામલે સીબીઆઈ એક્શનમાં આવી છે. આ પ્રકારની સામગ્રી મામલે ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ૬થી વધારે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. સીબીઆઈએ કોડ નેમ 'ઓપરેશન મેઘદૂત' અતંર્ગત આ કાર્યવાહી હાથ ધરી છે.

સીબીઆઈએ સિંગાપોર અને ન્યૂઝીલેન્ડના ઈન્ટરપોલ એકમ દ્વારા જે ઈનપુટ્સ શેર કરવામાં આવેલા તેના આધાર પર આ પ્રકારે દરોડા પાડ્યા છે. સીબીઆઈના કહેવા પ્રમાણે એવી અનેક ગેંગ્સની ઓળખ મેળવવામાં આવી છે જે ચાઈલ્ડ સેક્સ્યુઅલ પોર્નોગ્રાફી સંબંધીત સામગ્રીનો વેપાર કરવાની સાથે જ બાળકોને ફિઝિકલી પણ બ્લેકમેઈલ કરે છે.

આ ગેંગ બે પ્રકારે કામગીરી કરતી હોય છે. એક તો ટોળકી બનાવીને અને બીજું વ્યક્તિગત રીતે. ગત વર્ષે પણ આ પ્રકારની ગતિવિધિઓ સામે એક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તેને 'ઓપરેશન કાર્બન' એવું નામ આપવામાં આવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે પણ ભારતમાં સોશિયલ મીડિયા સાઈટ્સ પર અપલોડ કરવામાં આવતા ચાઈલ્ડ પોર્નોગ્રાફીના વીડિયો કન્ટેન્ટ મામલે ચિંતા વ્યક્ત કરેલી છે.

સુપ્રીમ કોર્ટે ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સોશિયલ મીડિયા કંપનીઓને ચાઈલ્ડ પોર્નોગ્રાફી અને રેપના વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ થતા અટકાવવા માટે કયા પગલાં ભરવામાં આવ્યા છે તેવો સવાલ કર્યો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ફેસબુક, ટ્વિટર સહિતની તમામ

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસના અધ્યક્ષપદ માટે ઉમેદવારી પત્રની પ્રક્રિયા શરૂ

કોંગ્રેસને ૨૪ વર્ષ બાદ બિનગાંધી અધ્યક્ષ મળશે

નવી દિલ્હી, તા.૨૪

પૂરા ૨૪ વર્ષ બાદ કોંગ્રેસને બિન ગાંધી અધ્યક્ષ મળવા જઈ રહ્યા છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે સ્પષ્ટ કરી દીધું છે કે, તેઓ ચૂંટણી લડશે. તેની સાથે તેમણે રાહુલ ગાંધીને લઈને પણ તસવીર સ્પષ્ટ કરી દીધી છે. કોંગ્રેસમાં આજથી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ રહી છે જે ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલું રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

મ્યાંમારમાંથી ૩૨ ભારતીય બંધકોને બચાવવામાં આવ્યા

મ્યાંમારમાં ભારતીયોને બંધક બનાવવા પર વિદેશ મંત્રાલયની કાર્યવાહી : રેકેટમાં સામેલ ૪ કંપનીઓની ઓળખ કરાઈ : વિદેશ મંત્રાલય ભારતીયોને બચાવવા માટે કામ કરી રહ્યું છે અને અત્યાર સુધીમાં અધિકારીઓ ૩૨ લોકોને બચાવવામાં સફળ રહ્યાં છે

હૈદરાબાદ,તા.૨૪

વિદેશ મંત્રાલયે મ્યાંમારમાં ભારતીય આઈટી પ્રોફેશનલ્સને નોકરીની જાળમાં ફસાવનારા રેકેટમાં સામેલ ૪ કંપનીઓની ઓળખ કરી છે. એમ કહેવાઈ રહ્યું છે કે લગભગ ૧૦૦થી ૧૫૦ ભારતીય હાલ પણ ત્યાં ફસાયેલા છે. વિદેશ મંત્રાલય ભારતીયોને બચાવવા માટે કામ કરી રહ્યું છે અને અત્યાર સુધીમાં અધિકારીઓ ૩૨ લોકોને બચાવવામાં સફળ રહ્યાં છે. હાલ ઓછામાં ઓછા ૫૦૦ ભારતીયો અહીં ફસાયેલા છે. દરેક દિવસે ઓછામાં ઓછા ૧૦-૨૦ ભારતીયોને મ્યાવાડી અને માઈ સોટ લાવવામાં આવે છે. રિપોર્ટ મુજબ ઓફિસ ઓફ ધ પ્રોટેક્ટ ઓફ ઈમિગ્રેન્ટ્સે(પીઓઈ-હૈદરાબાદ)ના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અત્યાર સુધીમાં ઓકેએક્સ પ્લસ(દુબઈ સ્થિત), લાજાદ, સુપર એનર્જી ગ્રુપ અને જેનટિયન ગ્રુપને આ નોકરીઓ આપનારી કંપનીઓ તરીકે ઓળખ કરવામાં આવી છે. આ નોકરીઓમાં ફંસાયેલા ભારતીય આઈટી પ્રોફેશનલ્સને ઓનલાઈન ચીની મહિલાઓ તરીકે રજૂ કરવામાં આવ્યા અને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે અમેરિકા અને યુરોપના અમીરના લોકોએ દંગો કર્યો ઘણી આઈટી કંપનીઓના કર્મચારીઓને બંધક બનાવી રાખવાના રેકેટનું મુખ્ય કેન્દ્ર મ્યાવાડીમાંથી ચાલે છે. જે આઈટી એસઈઝેડ ક્ષેત્ર માઈ સોટથી વધુ દૂર નથી. એમ કહેવાઈ રહ્યું છે કે થાઈલેન્ડ-મ્યાંમાર સીમા પર આવેલા મ્યાવાડીમાં આ ધંધાને મોટાપાયે ચીનના નાગરિકો કન્ટ્રોલ કરે છે. અહી ફસાયેલા મુંબઈના એક આઈટી પ્રોફેશનલ્સે કહ્યું કે જો અમને જીવતા બહાર કાઢવા હશે તો ભારતીય સરકારે તાત્કાલિક કાર્યવાહી કરવી પડશે. પીઓઈ કાર્યાલયે કહ્યું કે નોકરી મેળવવા માંગતા લોકો વીઝા-ઓન-અરાઈવલની સુવિધાનો ઉપયોગ કરીને બેંગકોક પહોંચે છે અને ઝડપથી તેમને મ્યાંમારમાં મોકલવામાં આવે છે.

ટેન્કર નદીમાં ખાબકતાં મુંબઈ-ગોવા હાઈવે ૨૫ કલાક સુધી બંધ

એલપીજી સાથેનું ટેન્કર રેલિંગ તોડી નદીમાં ખાબક્યું : ટેન્કર રત્નાગીરીના લાંજા તાલુકામાંથી પસાર થતી અંજનારી નદીમાં પડ્યું, તેમાંથી ગેસ લીક થવાનું શરુ થઈ ગયું હતું

નવી મુંબઈ, તા.૨૪

૧૭ હજાર કિલો એલપીજી લઈને જઈ રહેલું એક ટેક્કર બ્રિજની રેલિંગ તોડી નદીમાં ખાબકતા મુંબઈ-ગોવા હાઈવેને ૨૫ કલાક સુધી બંધ રાખવાની નોબત આવી હતી. આ ટેક્કર રત્નાગીરી જિલ્લાના લાંજા તાલુકામાંથી પસાર થતી અંજનારી નદીમાં ગુરુવારે બપોરે ત્રણ કલાકે પડી ગયું હતું. દુર્ઘટનાના થોડા સમયમાં જ ગેસ લીક થવાનું શરુ થતાં તંત્ર દોડતું થઈ ગયું હતું.

ખાસ્સી જહેમત બાદ આખરે શુક્રવારે સાંજે ૪.૩૦ કલાકે આ ટેક્કરને નદીમાંથી બહાર કાઢી શકાયું હતું. લાંજા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર દાદાસાહેબ ઘુટુકડેના જણાવ્યા અનુસાર, ગેસ લીક થતો હોવાના કારણે આ સમગ્ર વિસ્તારમાં વીજળીનો સપ્લાય પણ બંધ કરી દેવામાં આવ્યો હતો. આ

ટેક્કર ઉરાનથી ગોવા જઈ રહ્યું હતું. જોકે, એક વળાંક પર ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેક્કર બ્રિજ પરથી સીધું નદીમાં પડ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં ૨૪ વર્ષીય ટેક્કર ડ્રાઈવર રામદાસ જાધવનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ગોવા-મુંબઈ હાઈવે ખાસ્સો વ્યસ્ત ગણાય છે. અહીં માલવાહક ટ્રકોની પણ મોટાપાયે અવરજવર રહેતી હોય છે. ૧૭ હજાર કિલો

● અનુસંધાન પાન-૭ પર

COSMOS C.M.P.L
MyCosmos Jobs.com
વૉકઈન ઈન્ટરવ્યુ
રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સીટી સાથે કાર્યરત કોસમોસ ગ્રૂપના સીસીટીવી સુપરવાઈઝર તથા સિક્યોરીટી ગાર્ડ તાલીમ કેન્દ્રને જોઈએ છે.
૧. સીસીટીવી તાલીમ કાઉન્સીલર / મોબીલાઈઝર
જાણીતી સંસ્થામાં કાઉન્સીલર મોબીલાઈઝરની કામગીરીનો અનુભવ ઈચ્છનીય
૨. સીસીટીવી ટ્રેનર
સીસીટીવી સંચાલન, મેઈન્ટેનન્સ, એડીટીંગની કામગીરીનો અનુભવ જરૂરી
૩. કોમ્પ્યુટર ઓપરેટર - ગ્રેજ્યુએટ, અનુભવી
વૉકઈન ઈન્ટરવ્યુ તારીખ ૨૯-૦૯-૨૦૨૨, ગુરૂવાર | સમય : સવારે : ૯:૩૦ થી સાંજે ૬.૦૦ કલાક સુધી
સ્થળ : કોસમોસ મેનપાવર પ્રા.લી.. ગાંધીનગર જીઆઈડીસી, બી-૧૮૩, સેક્ટર ૨૫, ગાંધીનગર. મોબાઈલ : ૯૯૦૯૯૮૮૪૯૮

મંદીના માહોલમાં ડાઉજોન્સ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો

વોશિંગ્ટન, તા.૨૪

વૈશ્વિક બજારોમાં વધી રહેલા વ્યાજ દરના કારણે કોરોનાકાળથી ઉભરી રહેલા અર્થતંત્ર ઉપર માઠી અસર થશે, અર્થતંત્ર મંદીમાં સરી પડશે એવી આગાહીઓ વચ્ચે બજારોમાં ઉથપાથલ જોવા મળી રહી છે.

વિશ્વના સૌથી મોટા શેરબજાર અમેરિકામાં શેરઆંક મંદીના સ્તરની નજીક આવી ગયા છે. શુક્રવારે ડાઉ જોન્સ ઈન્ડેક્સ તેની વર્ષની નીચી સપાટીએ અને છેલ્લી ઊંચી સપાટીથી ૨૦ ટકા ઘટી ગયો હતો. જોકે, દિવસના અંતે તેમાં થોડો સુધારો જોવા મળ્યો હતો. શુક્રવારે ડાઉ ૪૮૬ પોઈન્ટ ઘટી ૨૯,૫૯૦ બંધ રહ્યો હતો.

મંદીની દહેશત શેરબજાર કરતાં ફોરેક્સ અને બોન્ડ માર્કેટમાં વધારે જોવા મળી રહી છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
16g પ્રોટીન
₹31*/ 500 mL
અમૂલ ગોલ્ડ
Amul The Taste of India
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.